## સંક્ષિપ્ત સમાચાર

### વાપીની આર.કે દેસાઈ કોલેજમાં ફન ફેરનો કાર્યક્રમ યોજાયો



વાપી : આર.કે.દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસમાં કલા 'પ્રદર્શન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ઉદ્દઘાટન સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. કુલ 64 કલામાંથી મુખ્યત્વે પાક કલા, હસ્તકલા, મનોરંજન કલાનો સમાવેશ કરાયો હતો. પ્રદર્શનમાં ખાની-પીણી, વિવિધ વસ્તુઓથી બનાવેલ હાથ નમૂનાઓ, વિવિધ પ્રકારની રમતો સાથે મનોરંજન વગેરેનો સમાવેશ કર્યો હતો. વિદ્યાર્થીઓએ પોતાના સ્ટોલની સામગ્રીને ખૂબ જ સુંદર રીતે સુશોભિત કરી કલાને બતાવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિશિષ્ટ કલાનું પ્રદર્શન કરી આનંદ વ્યકત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને માર્ગદર્શન સાંસ્કૃતિક કમિટીના સભ્યો દ્વારા પૂરું પડાયું હતું. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે સર્વ આર.કે.દેસાઈ પરિવાર જોડાયો હતો. કલા પ્રદર્શનની સાજ સજાવટ મુખ્ય કેન્દ્રસ્થાન બની હતી. કાર્યક્રમનું આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા આર.કે.દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસના વિવિધ વિભાગના આચાર્ય તેમજ અધ્યાપકોએ અભિનંદન પાઠવ્યા હતા.

### વાપી કેબીએસ કોલેજના વિદ્યાર્થીઓએ સુલપડ આશ્રયસ્થાનની મુલાકાત લીધી




વાપી : વાપી મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર યોગેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ અને નાયબ કમિશનર આસ્થા સોલંકી તથા અશ્વિન પાઠકની દેખરેખ હેઠળ વાપી સુલપડ વિસ્તારમાં કાર્યરત રાત્રિ આશ્રયસ્થાન (રેઈન બસેરા)ની મુલાકાત ચણોદ સ્થિત કેબીએસ કોલેજ એનએસએસના વિદ્યાર્થીઓએ લીધી હતી. સહયોગ હેલ્પિંગ હેન્ડ, વાપી દ્વારા સંચાલિત રાત્રિ આશ્રયસ્થાનમાં બેઘર વ્યક્તિઓને મફત રહેવાની વ્યવસ્થા અને સંભાળ પૂરી પાડવામાં આવે છે. જે મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ કોલેજના વિદ્યાર્થીઓને મનપા દ્વારા ઘર વિહોણા વ્યક્તિઓ માટે પૂરી પાડવામાં આવતી સુવિધાથી અવગત કરવાનો હતો. વિદ્યાર્થીઓએ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રહેવાસીઓને ઉપલબ્ધ કરાવવામાં આવતી વિવિધ સુવિધાઓનું અવલોકન કર્યું હતું. સમયાંતરે તેઓની તબિયતની કાળજી લેવા માટે મેડિકલ હેલ્થ કેમ્પ પણ યોજવામાં આવે છે તથા દરરોજ સાંજે ગુજરાત યોગ બોર્ડ દ્વારા યોગા પણ કરાવવામાં આવે છે તેમજ અઠવાડિયામાં બે વખત તેઓને મેડિટેશનનો કાર્યક્રમ પણ કરાવવામાં આવે છે તથા વર્ષ દરમ્યાન આવતા તમામ તહેવારોમાં પણ તેઓને સામેલ કરી તહેવારોની ઉજવણી ઉત્સાહ સાથે કરવામાં આવે છે. વાપી મનપાના પ્રોજેક્ટ ઓફિસર રામચંદ્ર દેસાઈ, સમાજ સંગઠક વીણાબેન, સિટી મેનેજર કૃતિકાબેન તથા કેબીએસ કોલેજના એનએસએસ પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ખુશ્બુ દેસાઈ હાજર રહી વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડયું હતું.

### વાંસદામાં તિલક ગણેશ મંડળ દ્વારા મેગા રક્તદાન કેમ્પ યોજાયો


નિલેશ કાપડિયા

વાંસદા : માનવ જીવનને આકસ્મિક સમયે અતિ આવશ્યક એવા રક્તની ખુબજ જરૂરિયાત રહેતી હોય છે, જેમાં ઘણી વાર બ્લડ મળવું ખુબજ મુશ્કેલ બની રહેતું હોય છે, જેને ધ્યાનમાં લઈ તિલક ગણેશ મંડળ વાંસદા દ્વારા જલારામ હોલ વાંસદા ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા વાંસદા સહિત આજુબાજુની જનતાએ આ રક્તદાન કેમ્પમાં ખૂબજ મોટો સહયોગ આપતા રેકોર્ડબ્રેક કુલ 717 યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. તિલક ગણેશ મંડળ દ્વારા આ અગાઉ પણ ડિસેમ્બર ૨૦૨૪ દરમ્યાન યોજાયેલા રક્તદાન કેમ્પમાં 707 યુનિટ રક્ત એકત્રિત કરાયું હતું. વાંસદા તિલક ગણેશ મંડળ દ્વારા કેમ્પમાં સહયોગી થનાર તમામ લોકો અને રક્તદાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

### રેસોનિયા ગ્રૂપે નવસારીમાં ખેડૂત દિવસની ઉજવણી કરી




સુરત : : પોતાની સતત ચાલી રહેલી સમુદાય કલ્યાણ પહેલના ભાગરૂપે, રેસોનિયા ગ્રૂપે નવસારી જિલ્લાના ખેડૂત સમુદાય સાથે ગૌરવપૂર્વક ખેડૂત દિવસની ઉજવણી કરી હતી. આ પહેલ દ્વારા ગ્રૂપે ગ્રાસરૂટ સ્તરે ખેતીને મજબૂત બનાવવાની તથા દેશના આધાર સ્તંભ સમાન ખેડૂતોને સશક્ત બનાવવા પ્રતિબદ્ધતા પુનઃ દૃઢ કરી હતી. આ પહેલ અંતર્ગત ખેડૂતો માટે ક્ષમતાવર્ધન તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (કેવીકે)ના વરિષ્ઠ વૈજ્ઞાનિક દ્વારા લેવામાં આવ્યું હતુ. "મિટ્ટી કા જ્ઞાન, સમૃદ્ધ કિસાન" વિષય હેઠળ આયોજિત આ સત્રમાં જમીનની ઉર્વરતા, જમીન આરોગ્ય વ્યવસ્થાપન તેમજ વૈજ્ઞાનિક રીતે જમીન તૈયાર કરવાની પદ્ધતિઓ પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. આ નિષ્ણાત સત્ર દ્વારા ખેડૂતોને જમીનનું યોગ્ય સંચાલન કરીને પાક ઉત્પાદન ક્ષમતા વધારવા માટે ઉપયોગી અને વ્યવહારુ જાણકારી મળી હતી. આ સત્રમાં આશરે 70 જેટલા ખેડૂતો એ સક્રિય રીતે ભાગ લીધો અને વૈજ્ઞાનિક સાથે પરસ્પર ચર્ચા કરી હતી. ખેડૂતો ખેતી, જમીનની ગુણવત્તા તથા ઉત્પાદનક્ષમતા સંબંધિત મેદાન સ્તરના પડકારો રજૂ કર્યા તેમજ વિવિધ સરકારી યોજનાઓ વિશે વિગતવાર માહિતી મેળવી, તેમાં નોંધણી કરવાની પ્રક્રિયા અને લાભ મેળવવાની રીતો પણ સામેલ હતી. ખેડૂતોને જ્ઞાન આધારિત માર્ગદર્શન અને ગ્રાસરૂટ સ્તરે વ્યવહારુ ઉકેલો પૂરા પાડવા બદલ રેસોનિયા ગ્રૂપના પ્રયાસોની પ્રશંસા કરી હતી. નવસારી કાર્યક્રમ ઉપરાંત, રેસોનિયા ગ્રુપેએ કપરાડા તાલુકાના એકલેરા ગામે પણ ખેડૂત દિવસની જાગૃતિ પહેલ સફળતાપૂર્વક આયોજિત કરી છે. ઉપરાંત સુરત જિલ્લાના મહુવા બ્લોકના મિયાપુર ગામે યોજાવાનો છે, જે રેસોનિયા ગ્રૂપની કૃષિ પ્રગતિ અને સમાવેશી ગ્રામીણ વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવશે.

# કારેલા-દૂધી દુબઈ સુધી પહોંચ્યા

**રોહિયાળ** તલાટ ખાતે પાણી પુરવઠા મંત્રી ઇશ્વર સિંહ પટેલના હસ્તે 33.52 કરોડના 23 ચેકડેમોનું લોકાર્પણ




વલસાડ : વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના કારેલા અને દૂધી હવે દુબઈ સુધી પહોચ્યા છે, જેને હવે નિર્માણ થનારા ચેકડેમો થકી પાણી સુવિધા વધતા વધુ વેગ મળશે તેમ મંત્રી નરેશ પટેલે કપરાડા તાલુકાના રોહિયાળ તલાટ ખાતે કાર્યક્રમમાં જણાવ્યું હતું. કાર્યક્રમમાં મંત્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે રૂપિયા 3352 લાખના ખર્ચે 23 મોટા ચેકડેમોના લોકાર્પણ કરવા સાથે રૂપિયા 33.33 કરોડના ખર્ચે 5 વિયરના ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ભવિષ્યના વિકાસને ધ્યાનમાં રાખીને રૂપિયા 92.77 કરોડના ખર્ચે નિર્માણ થનારા 38 વિવિધ જળસંચય કાર્યોની પણ ઉદઘોષણા કરવામાં આવી હતી. મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, જળસંચયના કામોથી વરસાદી પાણીનું સંરક્ષણ થશે, ભૂગર્ભ જળસ્તર વધશે અને ખેતી માટે પૂરતું પાણી ઉપલબ્ધ બનશે, જેના કારણે ખેડૂતોની આવકમાં વધારો થશે.

મંત્રી નરેશ પટેલે જણાવ્યું હતું કે, આ યોજનાઓથી આદિવાસી વિસ્તારોમાં પીવાના પાણી અને પશુપાલન માટેની સમસ્યાઓનો કાયમી ઉકેલ મળશે, જળસંચયના કાર્યો ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવશે. ધારાસભ્ય જીતુ ચૌધરીએ કપરાડા તાલુકાના સર્વાંગી વિકાસ માટે સરકાર ચિંતિત છે, હવે નિર્માણ થનારા 8 મીટર ઊંચા ચેકડેમો થકી પાણી ઉપલબ્ધ થશે, જેનાથી ખેતી વધતા લોકોના જીવન ધોરણમાં સુધારો થશે. પાણી પુરવઠા મંત્રીએ અધિકારીઓ સાથે મધુબન ડેમની પણ મુલાકાત લઈ વિગતો મેળવી હતી.

### કામગીરી ગુણવત્તાયુક્ત કરવા મંત્રીની એજન્સીને ટકોર

મંત્રી નરેશ પટેલે જણાવ્યું કે ચેકડેમોના નિર્માણમાં કઈ સિમેન્ટ, સ્ટીલ વાપરે છે, પાણી છાંટે છે કે નહી, ગુણવત્તાવાળુ કામ થાય છે કે નહી તે ઉપર ધ્યાન રાખવાના આહવાન સાથે જ કામ કરનાર એજન્સીઓને પણ ગુણવત્તા યુક્ત કામ કરવા આહવાન કર્યું હતું.

### ઉમરગામમાં બીચ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામમાં શનિ-રવિ બે દિવસીય ચાલનાર બીચ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન કરી ખુલ્લો મુકવામા આવ્યો હતો. ઉમરગામ ટાઉનના દરિયા કિનારે નૈયા સાગર શક્તિ ઉત્કર્ષ મહિલા મંડળ દ્વારા બે દિવસીય બીચ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. શનિવારે 27 મી ડિસેમ્બરના રોજ UIA ના ઉપપ્રમુખ ભગવાનભાઈ ભરવાડ, ઉમરગામના પીઆઈ ચૌધરી અને ઉમરગામ પાલિકાના માજી પ્રમુખ અગ્રણી સચિન માછી સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં બીચ ફેસ્ટિવલ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ ફેસ્ટિવલના માધ્યમથી સ્થાનિક નાના વેપારીઓને પોતાની ચીજ વસ્તુઓ વેચવા માટે સારો પ્લેટફોર્મ મળી રહ્યો છે. ફેસ્ટિવલમાં 80 થી વધુ સ્ટોલ મૂકવામાં આવ્યા છે, જેમાં ખાણી પીણી વિવિધ ચીજ વસ્તુઓ તથા વિવિધ સ્થાનિક વસ્તુઓ ઉપલબ્ધ છે.

## "અમે દુઃખદ ઘટનાને રાજકીય સ્વરૂપ આપવાવાળા નથી" : MLA

**ડાભેલમાં** હત્યાનો ભોગ બનેલા યુવાનના શોકગ્રસ્ત પરિવારની મુલાકાત લઈ સાંત્વના પાઠવી



નવસારી: જલાલપોરના ડાભેલ ગામમાં થોડા દિવસો પૂર્વે કસાઈઓ દ્વારા આદિવાસી યુવાન દીપક રાઠોડની કરપીણ હત્યાના બનાવે સમગ્ર પંથકમાં ભારે રોષ ફેલાયો છે. આ દુઃખદ ઘટનાના પગલે ડેડિયાપાડાના ધારાસભ્ય તથા આદિવાસી નેતા ચૈતર વસાવા અને આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ પંકજ પટેલ સહિતના આગેવાનો ડાભેલ ગામે પહોંચ્યા હતા.

મુલાકાત દરમિયાન આદિવાસી પરંપરા મુજબ 'ઝોળી ફાળો' ઉઘરાવવામાં આવ્યો હતો. ઉપસ્થિત કાર્યકરો અને આગેવાનોએ યથાશક્તિ ફાળો આપ્યો હતો. ધારાસભ્ય ચૈતર વસાવાએ પણ વ્યક્તિગત રીતે દીપક હળપતિના પરિવારને રૂપિયા 51,000ની આર્થિક સહાય અર્પણ કરી હતી, જેથી આ કપરા સમયે પરિવારને થોડી રાહત મળી રહે. આ પ્રસંગે ચૈતર વસાવાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, "અમે દુઃખદ ઘટનાને રાજકીય સ્વરૂપ આપવાવાળા નથી. આવી ઘટનાઓ વખતે કેવી રીતે નિવેદન આપવું તે સૌને સમજવું જોઈએ. અમે કોઈને દોષારોપણ કરવા કે રાજકારણ કરવા આવ્યા નથી. અમારી ટીમ શરૂઆતથી દીપકભાઈના પરિવાર સાથે હતી. આ ઘટનાને રાજકીય મુદ્દો બનાવવાનો પ્રયાસ નિંદનીય છે."

## દર મહિનાના અંતિમ રવિવારે વેપારીઓ બંધ પાળશે

**દર** મહિનાના છેલ્લા રવિવારે વેપાર ધંધા બંધ રાખવાનો નિર્ણય આજથી અમલમાં

ખેરગામ : ખેરગામ વિસ્તારમાં વેપાર ધંધા સાથે જોડાયેલા વેપારીઓ અને દુકાનદારો દ્વારા સંગઠનની રચના કરવામાં આવી હતી, વેપારી મંડળ દ્વારા દર મહિનાના છેલ્લા રવિવારે ગામના તમામ વેપાર ધંધા બંધ રાખવા નિર્ણય લેવામાં આવ્યો હતો. જેનો અમલ આજથી એટલે કે તા.28 ડિસેમ્બર રવિવારના રોજથી કરવામાં આવશે.

ખેરગામ વેપારી મંડળના પ્રમુખપદે અમૃત મગન પટેલની સર્વાનુમતે નિમણૂંક થયેલી છે. ખેરગામમાં અમાસના દિવસે કે કેટલાક રવિવારે ધંધાકીય વેપારીઓ દ્વારા દુકાન બંધ રાખવામાં આવે છે. તમામ વેપારી મિત્રોને હવેથી જાણ કરવામાં આવી છે કે દર મહિનાના છેલ્લા રવિવારે તમામ વેપારીઓએ પોતાની દુકાનો બંધ રાખી, એક દિવસની રજા રાખવી અને કુટુંબ પરિવાર સાથે વિતાવવી. ડિસેમ્બરની તા.૨૮ના છેલ્લા રવિવારે તમામ દુકાનો બંધ રાખી વેપારી મંડળમાં એકતા મજબૂત કરવા અપીલ થઈ છે.

ખાણી-પીણી નાસ્તાની દુકાનો ચાલુ રહી શકશે. સૌ વેપારી મિત્રોને એક સાથે દરેક મહિનાના છેલ્લા રવિવારે દુકાન બંધ રાખવાનો ચીલો પાડવા વેપારી મંડળ દ્વારા અપીલ કરવામાં આવી છે. જે વેપારી મિત્રોને આ બાબતે કોઈ કારણ-વાંધો હોય તો મંડળના પ્રમુખની રૂબરૂ મુલાકાત કરવા જણાવાયુ છે.

### કોઈ વેપારી કે દુકાનદારને દબાણ કરાયું નથી : - અમરત પટેલ, પ્રમુખ, વેપારી મંડળ

વેપારીઓ આખો માસ કામ કરે છે ત્યારે પરિવાર સાથે સમય મળે અને પોતાના બીજા કામકાજ પતાવે તે માટે મહિનામાં એકવાર સ્વૈચ્છિક દુકાન બંધ રાખવા વેપારી મંડળ તરફથી નિર્ણય લેવામાં આવ્યો અને એમાં સહકાર આપવા દુકાનદારોને અપીલ કરાઈ હતી. આના માટે ખાસ કોઈ વેપારી કે દુકાનદારને દબાણ કરવામાં આવ્યું નથી. ઇમરજન્સી કે સુખ દુઃખના પ્રસંગ સમયે દુકાનદારો દુકાન ખોલીને સામાન આપી શકે છે.

## જંગલ ખાતાના પાંજરામાં પણ દીપડો પકડાતો નથી

**ઉમરગામના** બોરીગામમાં કોઢારમાં બાંધેલા વાછરડાને દીપડાએ ફાડી ખાધુ

ઉમરગામ : ઉમરગામના ગોવાડા નજીક બોરીગામમાં કોઢારમાં બાંધેલા એક વાછરડાને દીપડાએ ફાડી ખાધુ હતુ. બોરડી બોરીગામ ગોવાડા ભીઠી હુમરણ સહિત ડુંગરો સાથે ઘેરાયેલા આ ગામોમાં દીપડો ફરી રહ્યો હોય લોકોમાં ભયનો મોહાલ જોવા મળી રહ્યો છે.

ઉમરગામ તાલુકાનું ગોવાડા ભાઠી હુમરણ ગામ તથા મહારાષ્ટ્રનું બોરડી બોરીગામનો વિસ્તાર જંગલોથી ડુંગરોથી ઘેરાયેલો છે. છેલ્લા થોડા સમયથી આ વિસ્તારમાં દીપડો દેખાતા જંગલ ખાતાએ દીપડાને પકડવા મારણ સાથે પાંજરું ગોઠવ્યું હતું જો કે હજુ સુધી દીપડો પકડાયો નથી. શુક્રવારે રાત્રે બોરીગામ પારસ પાડામાં યજ્ઞેશભાઈ સાવેની ચીકુ વાડીમાં દીપડો આવ્યો હતો અને કોઢારમાં પશુઓ બાંધ્યા હતા ત્યાં એક નાના વાછરડા ઉપર દીપડાએ હુમલો કર્યો હતો અને વાછરડાનો શિકાર કરી ફાડી ખાધું હતુ. આ વિસ્તારમાં દીપડાની અવનજવનને લઈને લોકો ખેડૂતો વાડીમાં કામ કરતા મજૂરો પશુપાલકોને દીપડાનો ભય સતાવી રહ્યો છે.

## ઘરફોડ ચોરીના 4 ગુનામાં વોન્ટેડ મહારાષ્ટ્રથી ઝડપાયો

વાપી : વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં 4 ઘરફોડ ચોરીના ગુનાઓ નોંધાયેલા હતા અને તે ગુનામાં વોન્ટેડને ત્રણ વર્ષે એલસીબી ટીમે મહારાષ્ટ્રથી ઝડપી લાવી વાપી ટાઉન પોલીસને સોંપ્યો હતો. વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના અને વલસાડ એલસીબી પીઆઈ ઉત્સવ બારોટના માર્ગદર્શન હેઠળ એલસીબી ટીમને મળેલી બાતમીના આધારે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીના 4 ગુનાઓ નોંધાયેલા હતા અને તેમાં મોતીલાલ ભગવતી પ્રસાદ સોની (ઉ.69, હાલ રહે. મહારાષ્ટ્ર, મૂળ યુપી) વર્ણવેલા સ્થળેથી પોલીસ ટીમે ઝડપી પાડ્યો હતો. ચોરીના ગુનામાં તે ત્રણ વર્ષથી પોલીસને હાથતાળી આપી રહ્યો હતો. ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ મોતીલાલ સોનીને વાપી ટાઉન પોલીસ મથકે સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## રાજચંદ્ર સર્વમંગલ સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર વુમન'નું ઉદ્ઘાટન

**મહિલાઓના** સર્વાંગી વિકાસ અને સશક્તિકરણના નૂતન અધ્યાયનું મંડાણ


આસીફ શેખ

ધરમપુર : આજે મહિલા સશક્તિકરણનો નવો અધ્યાય શરુ કરતાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક ગુરુદેવ રાકેશજી અને કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના શુભ હસ્તે 'શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર વુમન'નો ઉદ્ઘાટન સમારોહ સંપન્ન થયો હતો. શ્રીમદ્ રાજચંદ્ર મિશનનો મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર વુમન દક્ષિણ ગુજરાતના ધરમપુર ખાતે 11 એકર જમીન પર અંદાજે 2 લાખ ચોરસ ફૂટના વિસ્તારમાં મહિલાઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટેનું એક આધુનિક અને દૂરદૃષ્ટિપૂર્ણ સંકુલ છે. તે વાર્ષિક ૧૫,૦૦૦થી વધુ મહિલાને રોજગાર, તાલીમ, સુખાકારી સંસાધનો પ્રદાન કરશે અને ગ્રામીણ ભારતમાં સેટેલાઇટ કેન્દ્રો અને ભાગીદારી દ્વારા હજારો મહિલાઓ સુધી પહોંચશે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, "સંપૂર્ણ પણે ગ્રામીણ મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતું આવું અભિયાન મેં ક્યારેય જોયું નથી, આ ખરેખર એક નવીન વિચાર છે. આવી પરિકલ્પનાની પ્રેરણા અને સાકાર કરવા બદલ હું ગુરુદેવ રાકેશજીને વંદન કરી આભાર માનું છું. આ યોજનાથી લાભાન્વિત થયેલી ગ્રામીણ મહિલાઓના મુખ પર આજે મેં જે સ્મિત જોયું તે ખૂબ જ વાસ્તવિક હતું. તે આત્મનિર્ભર ભારત અને વિકસીત ભારતના વિઝનને મૂર્તિમંત કરે છે. તે ભારતે વિશ્વને આપેલી એક આદર્શ પરિયોજના છે અને શ્રેષ્ઠતાનો એક માપદંડ સ્થાપિત કરે છે. મને આશા છે કે આ મિશન આ ઉમદા પ્રયાસને સમગ્ર વિશ્વમાં લઈ જવામાં સફળ થશે.

આ પ્રસંગે મંત્રી નરેશ પટેલ, સાંસદ ધવલ પટેલ, મહારાષ્ટ્રના મંત્રી મંગલ પ્રભાત લોઢાજી સહિત ઓફિસર મનુભાઈ શાહ અને રીકાબેન શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઉત્પાદન એકમોમાં મહિલાઓ સુગંધ, ખાદ્ય પદાર્થો, વસ્ત્રો અને હસ્તકલા સહિત ૩૦૦થી વધુ ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે જે ૭૫૦ થી વધારે આઉટલેટ્સ દ્વારા ૨૬ દેશમાં નિકાસ થાય છે. સાથે જ તેમને ઉત્પાદન, સ્વચ્છતા, સોફ્ટ સ્કિલ, ERP વગેરેની તાલીમ તેમજ ડિજિટલ સાક્ષરતા યોગ અને કાર્યસ્થળ સલામતી આપવામાં આવશે. આ પરિયોજના ૧૦ વિવિધ થીમમાં ૬૦થી વધુ ડિજિટલ અને આધુનિક ઉચ્ચતર કક્ષાના કાર્યક્રમો પ્રદાન કરે છે.

ગ્રામ્ય વિસ્તારની માત્ર ૧૯% મહિલાઓએ કમ્પ્યુટરનો ઉપયોગ કર્યો છે અને માત્ર ૩૩% મહિલાઓએ ઈન્ટરનેટનો ઉપયોગ કર્યો છે ત્યારે આ પરિયોજના ડિજિટલ અને AI લેબ્સ દ્વારા મહિલાઓને આ વિષયમાં સાક્ષરતા પ્રદાન કરશે.

### કોંગ્રેસે સુરત જિલ્લામાં SIR માટે સિદ્ધાર્થભાઈ દેસાઈને જવાબદારી સોંપી



નવસારી: રાજ્યમાં ટૂંક સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ સંગઠનાત્મક રીતે એક્શન મોડમાં આવી ગઈ છે. ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલી વિશેષ સઘન સુધારણા (SIR) પ્રક્રિયા તેમજ પક્ષના વિવિધ પ્રચારાત્મક કાર્યક્રમોનું અસરકારક સંકલન કરવા પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાની સૂચના અનુસાર સુરત જિલ્લામાં નિરીક્ષકની નિમણૂક કરવામાં આવી છે. તા. 21 ડિસેમ્બર, 2025ના રોજ જાહેર કરાયેલા પત્ર મુજબ નવસારીના સિદ્ધાર્થભાઈ દેસાઈને સુરત જિલ્લા માટે SIR પ્રક્રિયા અને સંગઠન સંબંધિત કામગીરીની જવાબદારી સોંપવામાં આવી છે. આ અંગેનો પત્ર સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ આનંદભાઈ ચૌધરીને પાઠવવામાં આવ્યો છે. કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલી આ નિમણૂકને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે પક્ષની તૈયારીને વધુ મજબૂત બનાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

## મોગરાવાડીમાં રક્તદાન, નેત્રયજ્ઞ યોજાયો

**કેબિનેટ** મંત્રી નરેશ પટેલના માતાની 15મી પૂણ્યતિથિ પ્રસંગે આયોજન કરાયું


ધર્મેશ પટેલ

ધેજ: ચીખલીના મોગરાવાડી ગામે મંત્રી નરેશભાઈ પટેલના સ્વ. માતુશ્રી મોગરીબાની 15મી પુણ્યતિથિ નિમિતે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે યોજાયેલા રક્તદાન શિબિરમાં 135 યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું, જ્યારે નેત્રયજ્ઞ અંતર્ગત 400 જેટલા દર્દીઓને વિનામૂલ્યે ચશ્માં વિતરણ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ ભૂરાલાલ શાહ, ભાજપ અગ્રણી અશોકભાઈ ધોરાજીયા, જિલ્લા ભાજપ મહામંત્રી ડો. અશ્વિનભાઈ, તાલુકા પંચાયત પ્રમુખ રાકેશભાઈ, ભાજપ પ્રમુખ મયંકભાઈ, મહામંત્રી સમીરભાઈ તેમજ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના અધ્યક્ષ બાલુભાઈ પાડવી સહિત આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


આ પ્રસંગે ડાંગના શિવારીમાળ સ્થિત વૈદહી સંસ્કાર ધામના સાધ્વી યશોદાદીદી તથા સંસ્કૃતિધામ વાસુર્ણના હેતલદીદીએ ઉપસ્થિતોને આશીર્વચન પાઠવ્યા હતા. રક્તદાન શિબિર ઉપરાંત યોજાયેલા નેત્રયજ્ઞમાં અંદાજે 520 દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી. 20 જેટલા દર્દીઓને મોતીયાના ઓપરેશનની જરૂર જણાતા આગામી દિવસોમાં તેની વ્યવસ્થા કરવાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું આયોજકો દ્વારા જણાવાયું હતું.


### વેચાણ અંગેની જાહેર નોટીશ

આથી જાહેર જનતાને આ નોટીશ આપી જણાવવાનું કે, જીલ્લો નવસારી, તા.નવસારીના મોજે વેજલપોરના રેવન્યુ દફતરે નોંધાયેલી બ્લોક નં.૫૪-અ/૧ થી નોંધાયેલી સુમારે હે.૨-૦૬-૩૮ચો.મી., આકાર રૂા.૩૨.૮૧પૈસા વાળી રહેણાંકના હેતુ માટે એન.એ. થયેલી બિનખેતિની જમીન કે જે હાલમાં ખાતા નં.૧૪૩૭થી ચાલી આવેલ છે, તે જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૮ કે જેનું કુલ ક્ષેત્રફળ ૧૬૨.૦૦ચો.મી. છે તે રહેથાણની ખુલ્લી જમીનના માલિક ૧. મગનલાલ ઉર્ફે મગનભાઈ સુખાભાઈ મિસ્ત્રી તથા ૨. ઈન્દુબેન ઉર્ફે ઈન્દુમતી મગનલાલ ઉર્ફે મગનભાઈ મિસ્ત્રીનાઓના પાવરદાર જસુમતી ગાંડાલાલ મિસ્ત્રી તે ભીખુભાઈ વલ્લભભાઈ મિસ્ત્રીના પત્નિનાઓએ તથા પ્લોટ નં.૯ કે જેનું કુલ ક્ષેત્રફળ ૨૧૮.૦૦ચો.મી. છે કે જે હાલમાં ખાતા નં.૧૦૦૪૩થી ચાલી આવેલ છે તે રહેથાણની ખુલ્લી જમીનના માલિક ૧. રતનબેન ગાંડાલાલ મિસ્ત્રી ૨. રેણુકા ઉર્ફે રેણુકાબેન ગાંડાલાલ મિસ્ત્રી તે પ્રવિણચંદ્ર મિસ્ત્રીની પત્નિ તથા ૩. મ્રિતા ગાંડાલાલ મિસ્ત્રી ઉર્ફે મ્રિતા મિસ્ત્રી તે કિશોરકુમાર મિસ્ત્રીની પત્નિનાઓના પાવરદાર જસુમતી ગાંડાલાલ મિસ્ત્રી તે ભીખુભાઇ વલ્લભભાઈ મિસ્ત્રીના પત્નિનાઓએ ઉપરોક્ત તેઓની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદર જમીનમાં કોઈનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દર-દાવો, તર-તકરાર, હિતસંબંધ કે ઈઝમેન્ટ તથા ખાધા ખોરાકી-પોષાકીનો હકક હોય અગર કોઇ બેંક કે સંસ્થાનું લેણું હોય તો તેમણે દિન-૭(સાત)માં લેખિત પુરાવાઓ સહીત અમોને નીચે જણાવેલા સરનામે આવી પુરવાર કરી બતાવવું. જો તેમ કરવામાં કસુર થશે તો ઉપરોક્ત જમીનમાં કોઈના કોઈપણ જાતના હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, તર-તકરાર, હિતસંબંધ કે અન્ય કોઈપણ જાતના હકકો ન હતા અને નથી, અને જો તેવા કોઈ હકકો હોય તો તે જતા યાને વેવ કર્યા છે એમ સ્થાપિત ગણી અમારા અસીલ મુદત વિત્યે પાકા લખાણો કરાવી લેશે. તે બાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં જેની આથી છેવટની લેખિત નોંધ લેવી.

નવિન જે. મોદી-એડવોકેટ એન્ડ નોટરી તથા હાર્દિક એ. મોદી-એડવોકેટ
મુ.પો.બલેશ્વર, તા. પલસાણા, જી. સુરત, મો.: ૯૮૨૫૫-૬૦૫૪૪, મો : ૯૯૦૯૩-૨૩૩૪૩





May the Scared Heart of Jesus be Praised, Adored, Glorified and Loved today and everyday throughout the world now and forever. Amen! Ask St. Clare for three favours, two impossible and say nine Hail Mary's and the above prayer for 9 days with a lighted candle and publish on the 9th day. Your request will be granted no matter how impossible it is.